# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/૪૯૨/૨૦૧૬ તા. ૧૫/૯/૨૦૧૬**

હું શિવાનંદ ઝા,I.P.S., પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૧૬/૦૯/૨૦૧૬ થી ૧૭/૦૯/૨૦૧૬ સુધી નામદાર સુપ્રીમ કોર્ટનાં ચિફ જસ્ટીસશ્રી નાઓની અમદાવાદ શહેરની મુલાકાત દરમ્યાન નીચે મુજબના માર્ગને "નો-પાર્કિંગ ઝોન" જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ :-

તા.૧૬/૦૯/૨૦૧૬ અને ૧૭/૦૯/૨૦૧૬ ના રોજ નામદાર સુપ્રિમ કોર્ટનાં ચિફ જસ્ટીસશ્રી અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર છે. જે અન્વયે તા.૧૬/૦૯/૨૦૧૬ ના સાંજ કલાક ૧૬.૦૦ થી ૨૪.૦૦ તથા તા.૧૭/૦૯/૨૦૧૬ ના સવાર કલાક ૦૭.૦૦ થી ૨૦.૦૦ વાગ્યા સુધી નીચે મુજબનાં રુટ ઉપર કોઇપણ પ્રકારનાં અનઅધિકૃત રીતે વાહનો પાર્ક કરી શકાશે નહી. તેમજ નીચે જણાવેલ સમગ્ર રુટ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.

- હોટલ હયાત વસ્ત્રાપુર તળાવ મેઇન ગેટ તથા આજુબાજુ તેમજ સંજીવની હોસ્પીટલ ત્રણ રસ્તાથી એન.એફ.ડી. સર્કલ થઇ ગુરુદ્વારા ચાર રસ્તા થઇ થલતેજ ચાર રસ્તા સુધીના રુટ ઉપર કોઇપણ પ્રકારનાં અનઅધિકૃત રીતે વાહનો પાર્ક કરી શકાશે નહી.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ , એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૬/૦૯/૨૦૧૬ ના સાંજ કલાક ૧૬.૦૦ થી ૨૪.૦૦ તથા તા.૧૭/૦૯/૨૦૧૬ ના સવાર કલાક ૦૭.૦૦ થી ૨૦.૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૫/૦૯/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૧૫/૦૯/૨૦૧૬
અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/-જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.